भाषासज्जता

ભાષાના વ્યાવહારિક ઉપયોગની ક્ષમતા કેળવાય, તે જરૂરી છે. આ માટે ભાષાની કેટલીક તકનિકી જાણી લેવી આવશ્યક રહે છે. અહીં આપણે કેટલાંક બિંદુઓના અભ્યાસ દ્વારા આપણી ક્ષમતાઓ વિસ્તારવા પ્રયત્ન કરીશું.

કૃદન્ત :

ધાતુઓ (ક્રિયાવાચક પદો)ને कृत् પ્રત્યયો લાગવાથી જે રૂપો બને છે તેને કૃદંત કહે છે. આપણે ભાષા સમજવા તેમજ તેને ઉપયોગમાં લેવા માટે આવશ્યક કૃદંતોને સમજીએ.

संबंधक भूतकृदन्त :

આ વાક્યો વાંચો.

(1) सः शालां <u>गत्वा</u> अभ्यासं करोति।

(2) सा पुस्तकालयं <u>गत्वा</u> पुस्तकम् आनयति।

(3) शिक्षिका पुस्तकं <u>पठित्वा</u> कथां कथयति।

ઉપરોક્ત ત્રણ વાક્યો જુઓ. પ્રથમ વાક્યમાં सः शालां <u>गत्वा</u> (જઈને) अभ्यासं करोति। અહીં જવાની ક્રિયા પહેલાં થાય છે, ત્યાર બાદ અભ્યાસ કરવાની ક્રિયા થાય છે. એટલે પ્રથમ પૂર્ણ થયેલી ક્રિયા સાથે બીજી ક્રિયાને જોડવામાં આવી છે અથવા સંબંધ ઊભો કરવામાં આવ્યો છે. આ માટે 'त्वा' પ્રત્યય લગાડવામાં આવ્યો છે. આ પ્રકારે બીજા વાક્યમાં गत्वा અને ત્રીજા વાક્યમાં पठित्वा (વાંચીને) પદો પણ સમજી શકાય છે. સામાન્ય વ્યવહારમાં વપરાતાં નીચેનાં વાક્યો સમજો :

(1) માતા કહે છે, 'ત્યાં જઈને બેસજે...'

(1) 'माता वदति, 'तत्र गत्वा उपविशतु..।'

(2) તે પત્ર લખીને બહાર ગયો.

(2) सः पत्रं लिखित्वा बहिः अगच्छत्।

(3) તે વિજેતા બનીને ગામમાં આવી.

(3) सा विजयिनी भूत्वा ग्रामम् आगच्छत्।

હવે આ પદોને 'त्वा' પ્રત્યય લગાડો :

नम् – नत्वा	नी – नीत्वा	गण् – गणयित्वा
गम् – _____	जि – _____	रच् – _____
मन् – _____	श्रु – श्रुत्वा	दा – दत्वा
कृ – _____	दृश् – दृष्ट्वा	

જ્યાં ધાતુની પૂર્વે ઉપસર્ગ લાગેલા હોય ત્યાં 'त्वा' ની જગ્યાએ માત્ર 'य' લગાવવામાં આવે છે. જેમ કે,

गम् – गत्वा પણ आ+गम् – आगम्य

नी – नीत्वा પણ आ+नी – आनीय

હવે અહીં આપેલાં વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો:

(1) કૃષ્ણપ્રસાદ કાર્યાલયમાં જઈને વાત કરે છે.

(2) રાધિકા ગીત સાંભળીને આનંદ અનુભવે છે.

(3) હું સ્નાન કરીને દૂધ પીઉં છું.

હેત્વર્થ કૃદન્ત :

વ્યવહારમાં 'હું આમ કરવા ઇચ્છું છું' જેવા શબ્દપ્રયોગનો વારંવાર ઉપયોગ કરવાની જરૂર પડે છે. જેમ કે,

(1) હું જવા માગું છું. (ઇચ્છું છું) - अहं गन्तुम् इच्छामि।

(2) તે રમવા માગે છે. - सा क्रीडितुम् इच्छति।

(3) તે જોઈ નથી શકતો. - सः द्रष्टुं न शक्नोति।

આ વાક્યોમાં गन्तुम्, क्रीडितुम्, द्रष्टुम् પદો જોઈ શકાય છે. કેટલીક વાતો ખૂબ જ સરળતાથી અહીં વણી શકાઈ છે. આ પદોને હેત્વર્થ કૃદન્ત કહે છે. હેત્વર્થ કૃદન્ત ધાતુને तुम् પ્રત્યય લગાડીને બનાવવામાં આવે છે. હેત્વર્થ કૃદન્તનાં રૂપો બનાવવા પ્રયત્ન કરીએ.

गम् – गन्तुम्	रम् – रन्तुम्	नी – नेतुम्
पा – पातुम्	पठ् – पठितुम्	रच् – रचयितुम्
क्रीड् – _____	चल् – _____	कथ् – _____
खाद् – _____	गा – _____	दा – _____

આ વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો:

(1) તે પરીક્ષા આપવા ઇચ્છે છે.

(2) તે પાણી પીવા ઇચ્છે છે.

(3) હું પુસ્તક વાંચવા માગું છું.

પ્રવૃત્તિ :

દ્વિતીય સત્રના પાઠ્યપુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલ હેત્વર્થ કૃદન્તનાં રૂપો શોધો અને વર્ગખંડમાં તેની ચર્ચા કરો.

વિધ્યર્થ કૃદન્ત :

આ વાક્યો વાંચો અને સમજો.

(1) માતા હંમેશા વંદનીય છે. - माता सदा वन्दनीया।

(2) સત્યનું હંમેશાં આચરણ કરવું જોઈએ. - सत्यं सदा आचरणीयम्।

(3) મનથી સતત સ્મરણ કરવું જોઈએ. - मनसा सततं स्मरणीयम्।

અહીં वन्दनीया, आचरणीयम्, स्मरणीयम् જેવાં પદો જોવા મળે છે. આપણે વ્યવહારમાં સ્મરણીય, આદરણીય, વન્દનીય, મનનીય, માનનીય જેવાં પદોનો ઉપયોગ કરીએ છીએ. આ પદોને વિધ્યર્થ કૃદન્ત કહેવામાં આવે છે. અલબત્ત તેના ઉપયોગ વખતે આ કૃદન્ત જે નામપદના વિશેષણ તરીકે વાપરવામાં આવે તે મુજબ તેના લિંગમાં પરિવર્તન થશે તેવું ધ્યાન રાખવાનું રહે છે. જેમ કે,

वन्दनीयः पुरुषः, वन्दनीया सन्नारी, वन्दनीयं तीर्थम्।

હ્યસ્તન ભૂતકાળ :

ભાષાના વ્યાવહારિક ઉપયોગમાં ભૂતકાળની વિગતો રજૂ કરવાની આવડત કેળવવી પડે છે. આ માટે દરેક ભાષામાં ભૂતકાળની વ્યવસ્થા હોય છે. સંસ્કૃતમાં ભૂતકાળના ત્રણ પ્રકાર છે. અદ્યતન ભૂતકાળ, હ્યસ્તન ભૂતકાળ અને પરોક્ષ ભૂતકાળ. અહીં આપણે જેનો વ્યવહારમાં વધારે ઉપયોગ થાય છે તેવા હ્યસ્તન ભૂતકાળનો પરિચય કેળવીશું.

(1) एकदा सः द्रोणाचार्यस्य समीपम् अगच्छत् अवदत् च।

(2) शनैः शनैः सः कुशलः धनुर्धरः अभवत्।

ઉપરનાં વાક્યો आत्मश्रद्धायाः बलम् પાઠમાંથી લેવામાં આવ્યાં છે. તેમાં आगच्छत्, अवदत्, अभवत् વગેરે ह्यस्तन ભૂતકાળનાં રૂપો છે.

- નજીકના સમયમાં થઈ ગયેલી ક્રિયા માટે ह्यस्तन ભૂતકાળ વપરાય છે.
- ह्यस्तन ભૂતકાળની નિશાની 'अ' છે. તે ધાતુની આગળ મુકાય છે.
- આમ अ + ધાતુ + વિકરણપ્રત્યય + પરસ્મૈપદી કે આત્મનેપદી પ્રત્યય = ह्यस्तन ભૂતકાળનું રૂપ બને છે.

દા. ત. : अ + गच्छ् + अ + त् = अगच्छत्

अ + भव् + अ + त् = अभवत्

अ + वद् + अ + त् = अवदत्

अव्यय :

વાક્યમાં નામપદ, ક્રિયાપદ, સર્વનામ, વિશેષણ જેવી બાબતો ઉપરાંત અવ્યયનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીત જે પદોમાં લિંગ, વચન કે વિભક્તિના કારણે કોઈ ફેરફાર થતો નથી તેને 'અવ્યય' કહેવાય છે. આ અવ્યય ક્યારેક આપણી વાત ભારપૂર્વક રજૂ કરવા, પ્રશ્ન પૂછવા, સ્થિતિનો સ્પષ્ટ ચિતાર આપવા ઉપયોગી થાય છે.

નીચે કેટલાક અવ્યવો આપેલા છે તેનો ઉપયોગ સમજીએ.

(1) यदा . . . तदा (જ્યારે... ત્યારે)

यदा काकः आहारार्थं गच्छति तदा सर्पः एकं शावकं खादति।

(2) यदि . . . तर्हि (જો... તો)

यदि धनं दास्यसि तर्हि सः गमिष्यति।

(3) यथा . . . तथा (જેવો... તેવો)

यथा राजा तथा प्रजा।

(4) अत्र . . . तत्र (અહીં... ત્યાં)

अत्र अनेकानि चित्राणि सन्ति। तत्र वितरणव्यवस्था अस्ति।

(5) अपि (પણ)

गुरुदेव अहम् अपि तव शिष्यं भवितुम् इच्छामि।

(6) अन्यथा (નહિ તો)

नय माम्, अन्यथा अहं त्वां खादिष्यामि।

(7) अधुना (હમણાં, હવે)

अधुना वयं सुखेन वसामः।

(8) अद्य (આજે)

अद्य सोमवासरः।

(9) वा (અથવા)

नदीजलेन कूपजलेन वा वृक्षस्य सेचनं भवति।

(10) सर्वदा (હંમેશાં)

अहं सर्वदा सत्यं वदामि।

(11) अन्यत्र (બીજે)

जलस्य अभावे जनाः अन्यत्र गच्छन्ति।

(12) एव (જ)

सन्तोषः एव पुरुषस्य परं निधानम्।

(13) उच्चैः (મોટેથી)

विप्राः उच्चैः मन्त्रगानं कुर्वन्ति।

(14) नीचैः (ધીમેથી)

मम भगिनी नीचैः भाषते।